EDII

Divyabhaskar

February 8, 2017
Page No. 3
City Bhaskar

### EDIIના ફાઉન્ડર અને પદ્મશ્રી ડૉ. વિહારી.જી પટેલે કહ્યું કે..

# ‘ઉદ્યોગ સાહસિકો પેદા થશે તો લોકોને રોજગારી ઝડપથી મળશે’

ઈડીઆઈઆઈના ફાઉન્ડર ડૉ. વિહારી.જી પટેલને પદ્મશ્રી મળવા બદલ ઈડીઆઈઆઈ સ્ટાફ અને સ્ટુડન્ટ્સ એલ્યુમની દ્વારા તેમનો સન્માન કાર્યક્રમ યોજ્યો હતો.

સિટી રિપોર્ટર @ahm_cb




• આ પ્રસંગે ઇડીઆઇઆઇના ડિરેક્ટર સુનિલ શુકલા પણ ઉપસ્થિત રહ્યા હતા

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયાના સ્થાપક વિહારી.જી પટેલને સરકાર દ્વારા પદ્મશ્રી અપાતા ઈડીઆઈઆઈ સ્ટાફ અને સ્ટુડન્ટ્સ એલ્યુમની દ્વારા તેમનું સન્માન કરવામા આવ્યું હતું. 70ના દાયકામાં વી.જી પટેલ દ્વારા આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ વિકસાવ્યો હતો. ઈડીપીની સફળતા બાદ તેઓએ ઈડીઆઈઆઈના પાયા નાખ્યા હતા. ઈડીઆઈઆઈ ખાતે સ્પીચ આપતા ડો. વી જી પટેલે કહ્યું કે, ‘અમારો ઉદ્યોગસાહસિકો વિકસાવવા માટે સ્થાયી રાષ્ટ્રીય સંસાધન સંસ્થા સ્થાપિત કરવાના ત્રણ દાયકાના અથાક પ્રયાસો રંગ લાવ્યાં છે. અમને દેશમાં ઉદ્યોગ સાહસિકતાના અભિયાનનો ભાગ બનવાની ખુશી છે, જેના પરિણામે દેશમાં ઘણાં ઉદ્યોગસાહસિકો પેદા થયા છે અને અનેક લોકોને રોજગારી મળી છે. છેલ્લા થોડાં વર્ષોમાં ઈડીઆઈઆઈ વિવિધ પ્રોગ્રામ્સ મારફતે ક્ષમતા નિર્માણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે, જે ઉદ્યોગ સાહસિકો પેદા કરનાર ટ્રેઈનર્સને તાલીમ પૂરી પાડે છે.

EDIIના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું કે, ‘અમને ડો. પટેલના વારસાને આગળ વધારવાનો ગર્વ છે, જેમને દેશમાં સર્વોચ્ચ નાગરિક પુરસ્કારો પૈકીનો એક પુરસ્કાર મળ્યો છે. ડો. પટેલને ‘પદ્મ શ્રી’ સન્માન ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં તેમને સન્માનિત કરવાની સરકારની કટિબદ્ધતા દર્શાવે છે, જેમણે પોતાની પથપ્રદર્શક કામગીરી મારફતે આર્થિક વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હતું.’